હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બચ્ચો... શાયદ ગર્મી કે કારન સાપ વાલા જાદુ નહી ચલા...!!

શહેરના સેકટર-૨ બી માં યુવતિએ ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૨ ખાતે રહેતી નર્સ તરીકે ફરજ બજાવતી યુવતિએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવતા ચકચાર મચી જવા પામી છે. હજુ સુધી આપઘાતનું કારણ જાણી શકાયું નથી. સેકટર-૭ પોલીસે નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ બી પ્લોટ નં.૧૪૩૫-૧ ખાતે કનૈયાલાલ કાંતિલાલ મોદી પરિવાર સાથે રહે છે. પરિવારમાં પત્ની,દિકરો તેમજ દિકરી અમી હતી.

જે ફુડાસણ વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી હતી.

ગુરુવારના રોજ રાત્રે સુઈ ગયેલી અમી શુક્રવારના રોજ સુધી મોડે સુધી બહાર આવી ન હતી. જેથી તેના ભાઈએ તેને જગાડવા માટે રૂમનો દરવાજો ખખડાવ્યો હતો.

પરંતુ અંદરથી કોઈ પ્રત્યુતર મળતો ન હતો.જેથી પરિવારને કંઈ અજુગતુ બન્યું હોવાનો અણસાર આવ્યો હતો. રૂમની બારી ખોલીને જોતા ગળેફાંસો ખાધેલી હાલતમાં યુવતિ જોવા મળી હતી. પરિવારના સભ્યોએ હૈયાફાટ રૂદનથી આસપાસના નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બનાવની જાણ થતા સેકટર-૭ પોલીસ મથકનો સ્ટાફ પણ દોડી આવ્યો હતો. પોલીસે યુવતિનો મૃતદેહ નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. યુવતિના આપઘાત મુદ્દે હજુ સુધી કોઈ કારણ સામે આવ્યુ નથી.

જયારે ઘરમાંથીપોલીસને સ્યુસાઈડ નોટ કે અન્ય લખાણ પણ મળી આવ્યુ નથી. ત્યારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે ગરમીના પ્રકોપથી સામાન્ય માણસ ફફડી ઉઠ્યો હતો. ગરમીના પ્રકોપને કારણે પેયજળની માંગ પણ વધી છે.
- ગાંધીનગર મનપા દ્વારા આજથી પ્લાસ્ટીક વિરોધી અભિયાનનો આરંભ થશે.
- ગાંધીનગર શહેરમાં પાણીની પાઈપલાઈનો તુટતાં પાણીનો વેડફાટ વધવા પામ્યો છે.
- ગાંધીનગર શહેરમાં ગરમીને લઈ ઈવનીંગ વોકર્સની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.
- દહેગામમાં તેમજ સે. ૨૨ સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતે કર્ણાટકના કોંગ્રેસના વિજયના વધામણાં કાર્યકરોએ યોજ્યા હતા.
- રાજસ્થાનથી જામનગર રૂટની ખાનગી બસમાંથી ચિલોડા પોલીસે દારૂ પકડ્યો.
- નાંદોલ ગામે પાટીદાર સમાજ આયોજીત શ્રી આશાપુરી માતાજીના પાટોત્સવની ઉજવણી ધામધૂમથી કરાઈ હતી.
- કલોલમાં રોડવેઝના વેપારીની દુકાનમાંથી ધોળા દિવસે તસ્કર રૂ. ૨૦ હજારની ચોરી કરી ગયો.
- કલોલમાં પ્રા. શાળા નજીક જુગાર રમતા શકુનિઓ ઝડપાયા.
- પાંચાસરથી કડાદરા આવવા નીકળેલ મહિલાના બેગમાંથી દાગીના અને રોકડ ચોરાયા.
- ઈસનપુર મોટા ગામે હોસ્પિટલ ખાતે નર્સિંગ ડે ની ઉજવણી કરાઈ.
- મોતીપુરા ગામે નિરમા યુનિ.ના વિદ્યાર્થીઓ દ્વારા સાત દિવસીય એન.એસ.એસ. શિબિરનું આયોજન કરાયુ.
- ગાંધીનગર જિલ્લા પંચાયત વારંવાર ટ્રીપીંગ થતાં વીજપુરવઠો ખોરવાઈ જતો હોવાથી કર્મચારીઓ પરેશાન છે.
- ગાંધીનગર શહેરમાં લગ્નસરાની મોસમને પગલે ફૂલોની માંગમાં વધારો થયો.
- કલોલમાં સમસ્ત ઔદિચ્ય બ્રહ્મસમાજ દ્વારા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં વીજ ઉપકરણોનો ઉપયોગ વધતાં વીજ માંગમાં વધારો નોંધાયો.

જયપુરથી જામનગર જતી લકઝરી બસમાંથી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં દારૂની હેરા ફેરી માટે લકઝરી બસ એ ઉતમ માધ્યમ બની ગઈ છે. ત્યારે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર બસમાંથી દારૂ મળી આવવાના અનેક કિસ્સા નોંધાયા છે.

ત્યારે ગતરોજ લકઝરી બસના મુસાફર પાસેથી વિદેશી દારૂની ૫૮ બોટલ અને બિયરના ટીન નંગ-૪૮ મળી કિં.૨૫,૮૮૮ તેમજ મોબાઈલ ફોન નંગ-૧ કિં.૩ હજાર મળી કુલ રૂ.૨૮,૮૮૮ નો મુદ્દામાલ કબ્જે કરી મુસાફર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા.

તે સમયે જયપુર થી જામનગર તરફ જતી લકઝરી બસ આવી હતી. પોલીસે બસને સાઈડમાં કરાવી મુસાફરોના સામાન ચેક કરતાએક મુસાફરના થેલામાંથી વિદેશી દારૂની અલગ અલગ બોટલ નંગ-૫૮ તેમજ બિયરના ટીન નંગ-૪૮ મળી આવ્યા હતા. પોલીસે મુસાફરનુ નામ પુછતા તેણે દિનેશ રૂપલાલ કુમાવત (ઉં.૩૦ રહે બગોદરા સ્કુલ પાસે લાલા ભરવાડના મકાનમાં બગોદરા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે દારૂ અંગે પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવ્યું હતું.

સમગ્ર મુદ્દે પોલીસે દારૂ બિયરનો જથ્થો તેમજ મોબાઈલ મળી કુલ રૂ.૨૮,૮૮૮ નો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચિલોડા ચાલતા જતા રાહદારીનું અજાણ્યા વાહનની ટકકરે મૃત્યુ

ગાંધીનગર,તા.૧૩

મોટા ચિલોડા થી હિંમતનગર તરફ જતા હાઈ વે પર ગૌતમ થ્રેસર સામે ચાલીને જઈ રહેલા રાહદારીને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.

જેમાં ગંભીર રીતે ઈજા પામેલા રાહદારીને પહેલા ગાંધીનગર ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયા હતા.

જયાં સારવાર દરમિયાન રાહદારીનું મૃત્યુ નિપજયુ હતું. ચિલોડા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામના વર્ધાના મુવાડા ગામના રાજુભાઈ દેવીપુજકના પિતા મંગાભાઈ ગતરોજ ચિલોડા બજારમાં કામઅર્થે ગયા હતા. બજારમાંથી ચાલીને પરત ઘર તરફ આવી રહ્યા હતા તે સમયે ચિલોડા થી મહુન્દ્ર ગામ તરફ જતા રોડ પર અજાણ્યા વાહન ચાલકે તેમને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ આધેડનું સારવાર દરમિયાન અમદાવાદ સિવિલમાં મૃત્યુ નિપજયું હતું.

ઓમ લેન્ડમાર્ક ટ્રસ્ટ દ્વાર સંચાલિત કેપિટલ નર્સિંગ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય નર્સિંગ દિવસે પોસ્ટર મેકીગ અને વકૃત્વ સ્પર્ધા નું આયોજન કર્યું હતું જેમાં કોલેજના પ્રિન્સિપલ રિતેશ જેઠી અને બધા સ્ટાફ હાજર રહીને બાળકોનું પ્રોત્સાહન વધારીને કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો

વાસણ ગામે દેશી દારૂના અડ્ડા પર સ્ટેટ મોનીટરીંગ ટીમે દરોડો પાડ્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના વાસણ ગામે પરા ફળીયા નજીક પશુઓના તબેલામાં ધમધમતા દેશી દારૂના અડ્ડા પર સ્ટેટ મોનીટરીંગ ટીમે દરોડો પાડ્યો હતો. બાજરીના ખેતરમાંથી દારૂ ગાળી બુટલેગરે પોતાના ઘરમાં એલ્યુમિનિયમનુ તપેલુ, પિતળના દેગડા, તેમજ સ્ટીલના ડબ્બામાં દારૂ સંતાડી પીધેલીઓ સુધી પહોંચાડવામાં આવતો હતો. પોલીસે રૂ.૨૫ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી બે બુટલેગર અને બે ગ્રાહકોની પણ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સ્ટેટ મોનીટરીંગ ટીમને વાસણ ગામના દેશી દારૂના અડ્ડા અંગે બાતમી મળી હતી કે નટુજી હેમતુજી વાઘેલા તબેલામાંથી દેશી દારૂનું છુટક વેચાણ કરે છે. જેથી સ્ટેટ મોનીટરીંગ ટીમ ત્રાટકતા સ્થાનિક પોલીસ ઉંઘતી ઝડપાઈ છે. પોલીસે બુટલેગર નટુજી હેમતુજી વાઘેલા છુટક વેચાણ કરતા તબેલામાંથી ઝડપી પાડ્યા હતા. તે ઉપરાંત અન્ય ત્રણ શખ્સોને પણ પોલીસે પકડી પાડ્યા હતા.દરોડાના કાર્યવાહીમાં ૨૨ પોટલી અને બાઈકની ચાવી મળી આવી હતી. શકરાજી ઠાકોર, ગોવિંદગીરી હરીગીરી ગોસ્વામી (રહે વાસણ), પીન્ટુસીંગ બબુજી વાઘેલા (તમામ રહે.વાસણ) હોવાનું જણાવ્યું હતું. જયારે બાજરીના ખેતરમાંથી દેશી દારૂ ગાળવા માટેનો વોશના કેરબા મળી આવ્યા હતા.જેનો નિકાલ કરી દેવામાં આવ્યો હતો. જયારે શકરાજી, ગોવિંદગીરી, અને પીન્ટુસીંગ ત્રણ વ્યકિતઓ દારૂ પીવા માટે આવ્યા હતા. તબેલામાંથી પોલીસને ૧૪ લીટર દેશી દારૂ, મકાનમાંથી ૫ લીટર, વોશ, ત્રણ મોબાઈલ ફોન, રોકડા રૂપીયા, બાઈક મળી કુલ રૂ.૨૫ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના માર્ગો ઉપર વૃક્ષોની ખસ્તા હાલત, વનતંત્ર નિંદ્રામાં

વૃક્ષોની જાળવણી ન થતાં નડતર બન્યા, સુકા વૃક્ષો હટાવવા, યોગ્ય ટ્રીમીંગ અને સાફ-સફાઈનો અભાવ, વનતંત્ર માર્ગો ઉપરથી જ અદૃશ્ય

ગાંધીનગર, તા. ૧૩

હરીયાળા પાટનગરથી ઓળખ પામેલા ગાંધીનગરમાં વૃક્ષો જ બિચારા-બાપડા બની ગયા છે. યોગ્ય માવજતના અભાવે માર્ગો ઉપરના વૃક્ષોની હાલત ખસ્તા બની છે. શહેરમાં કોઈપણ જગ્યાએ વનતંત્રની કામગીરી દેખાતી નથી જે કારણે શહેરની સુંદરતામાં કમી આવી છે. ઠેર ઠેર વૃક્ષો ટ્રીમીંગ ના થવાથી લચી પડ્યાં છે તો અનેક ઠેકાણે સુકા થયેલા વૃક્ષો કદરૂપા થઈ પડુ પડુની સ્થિતિમાં છે અને તમામ વૃક્ષોની આસપાસ સાફ-સફાઈના અભાવે કચરાના ઢગ ખડકાયા છે જેથી નગરજનોમાં તંત્ર વિરૂદ્ધ ફિટકારની લાગણી ઉભી થઈ છે.

વિશ્વભરમાં વૃક્ષો થકી ઓળખ ઉભી કરનાર રાજયના પાટનગરમાં વૃક્ષો પ્રત્યે જ ઓરમાયું વર્તન થઈ રહ્યુ છે. લાખોની સંખ્યામાં વૃક્ષો વિવિધ પ્રકારના છે જે અનેક રીતે માનવજીવન માટે મદદરૂપ બની રહ્યા છે પરંતુ આ વૃક્ષોની માવજતની જેની જવાબદારી છે તે વનતંત્ર ઓફીસની કામગીરી પુરતુ મર્યાદિત થઈ જતાં વૃક્ષોની હાલત શહેરના તમામ માર્ગો ઉપર દયામણી બની છે. શહેરના ક, ખ, ગ, ચ, છ, જ અને ૧ થી ૭ નંબરના માર્ગો ઉપર ઠેર ઠેર સુકાયેલા જોખમી વૃક્ષો છે જેનો સમયસર નીકાલ કરવામાં આવતો નથી તેમજ દરેક માર્ગો ઉપર વૃક્ષોની ડાળીઓ લચી પડી વાહન સાથે અથડાઈ રહી છે તો બીજી તરફ વૃક્ષોની નીચે અને આસપાસ કચરાના ઢગલા થયા છે જેનો પણ સમયાંતરે નિભાવ થતો જોવા મળતો નથી.

સેકટર-૨૮ ગાર્ડન વળાંક પાસે બાઈક-એકટીવા વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૧૩

અમદાવાદ કઠવાડા ખાતે રહેતા મહેશજી કાળાજી ઠાકોર પરિવાર સાથે રહે છે અને ખાનગી નોકરી કરે છે.જયારે પેથાપુર રહેતા મિત્ર ધવલસિંહ જશંવતસિંહ વાઘેલાના દિકરાના લગ્ન પ્રસંગે સેકટર-૨૮ રંગમંચ ખાતે વતન માણસાના ચરાડા થી એકટીવા જી.જે.૨૭.ડી.કે.-૩૪૩૩ લઈને પત્ની અને દિકરા સાથે આવ્યા હતા. પ્રેસ સર્કલ થી સેકટર-૨૮ વળાંક લઈ રહ્યા હતા.તે સમયે ઘ-૬ તરફથી બાઈક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી એકટીવાને ટક્કર મારી અકસ્માત સર્જાયો હતો.જેમાં એકટીવા પર સવાર દંપતિ નાના બાળક સાથે નીચે પટકાયું હતું.જયારે બાઈક નં જી.જે.૦૯.સી.વી.-૬૭૭૨ નો ચાલક પણ નીચે પટકાયો હતો. અકસ્માત સર્જાતા નાગરીકો એકઠા થયા હતા. જયારે ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જેમાં એકટીવા ચાલકને ડાબી આંખે,તેની પત્નીને કપાળના ભાગે તેમજ દિકરાને પગે ફ્રેકચર હોવાનું નિદાન થયું હતું. જયારે બાળકને સારવાર માટે દાખલ કર્યો છે. બનાવ અંગે બાઈક ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભાટ પાસેથી જુગાર રમતા ત્રણ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના ભાટ એપોલો વળાંક પાસે ખુલ્લી જગ્યામાં બાજી માંડીને બેઠેલા ત્રણ જુગારીઓને અડાલજ પોલીસે રૂ.૪૬૮૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે ભાટ ગામ પાસે આવતા બાતમી મળી હતી કે એપોલો વળાંક પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ દરોડો પાડતા જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. પોલીસે ત્રણ જુગારીઓને પકડી પાડયા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૪૬૮૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.જયારે પોલીસે જુગારીઓના નામ પુછતા વિષ્ણુભાઈ નાનજીભાઈ રાવળ (ઉં.૫૪, રહે, નવી પાણીની ટાંકી પાસે ભાટ ગામ), ભરત રેવાભાઈ પટેલ (ઉં.૪૭, રહે. પટેલ સોસાયટી ભાટ ગામ), મનસુખ નાનાલાલ વ્યાસ (ઉં.૬૫ રહે પીળ હાઉસીંગ સોસાયટી ભાટ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માણસાના માણેકપુર ખાતે આવાસ લોકાર્પણ પ્રસંગે સ્વચ્છતાના શપથ

ગાંધીનગર, તા.૧૩

આજ રોજ જિલ્લા ગામ વિકાસ એજન્સી ગાંધીનગર દ્વારા અરિહત આર્ટ કોમ્યુનિકેશન સંસ્થાના કલાકાર દ્વારા શેરી નાટક રજૂ કર્યું હતું જેમાં માનનીય વડાપ્રધાન શ્રી ના વરદ હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજના ના લોકાર્પણ માણસા તાલુકાના માણેકપુર ખાતે ઓનલાઈન દ્વારા રાખવામાં આવ્યું હતું એમાં માણસા તાલુકાના કારોબારી ચેરમેન શ્રી ન્યાય સમિતિના ચેરમેન શ્રી પૂર્વ તાલુકા પંચાયત ના પ્રમુખશ્રી જગતસિંહ બિહોલા માણેકપુરના સરપંચ શ્રી તેમજ પૂર્વ સરપંચ શ્રી તમામ સભ્યશ્રીઓ તેમજ તાલુકા પંચાયતના અધિકારી શ્રી તલાટી શ્રી અને લાભાર્થીઓ હાજર રહ્યા હતા તે સાથે સાથે સ્વચ્છતા વિશેના શપથ પર લેવડાવ્યા હતા. અને સ્વચ્છતા રાખવાનો આગ્રહ ગામ લોકોએ રાખવો જોઈએ. કલાકારો આયે ખુબ સરસ મજાના નાટક દ્વારા માનો રંજન પૂરું પાડિયું હસતું. કલાકરના નામે પૂજા લખાવરા રવિ રાઠોડ રશ્મિ એન્જિનિયર હર્ષ દરજી અનિલભાઈ ક્રિચ્ચન... કલાકારો આયે લોકોને જ્ઞાન પૂરું પાડિયું હતું

શ્રી જી. નરેન્દ્ર નાથ, ITS, NSCSએ NFSUની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૩

શ્રી જી. નરેન્દ્ર નાથ, ITS, સંયુક્ત સચિવ, રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય (NSCS), ભારત સરકાર એ તા.૧૩મી મે, ૨૦૨૩ના રોજ નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગરની મુલાકાત લીધી હતી. તેમની સાથે શ્રી જ્ઞાનેન્દ્ર બહાદુર, નાયબ સચિવ, રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય (NSCS), ભારત સરકાર પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રો.(ડૉ.) એસ.ઓ. જુનારે, કેમ્પસ ડાયરેક્ટર-એન એફ એસયુ-ગાંધીનગર દ્વારા પુષ્પગુચ્છ, ખેસ અને સ્મૃતિ ચિહ્ન આપીને પદાધિકારીઓનું સ્વાગત કર્યું હતું અને વિશ્વની આ અતિ વિશિષ્ટ યુનિવર્સિટી, NFSUની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી. પ્રો.(ડૉ.) એસ.ઓ. જુનારેએ જણાવ્યું હતું કે વિશ્વની સૌપ્રથમ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ, ડો. જે.એમ. વ્યાસના માર્ગદર્શન હેઠળ આ યુનિવર્સિટી દેશ અને વિદેશમાં ફોરેન્સિક ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવાનો પ્રયત્ન કરી રહી છે.

મોતીપુરા ગામે નિરમા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા સાત દિવસીય NSS શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા ના મોતીપુરા ગામે તા. ૬/૫/૨૦૨૩ થી તા. ૧૨/૦૫/૨૦૨૩ સુધી સ્કૂલ ઓફ ટેકનોલોજી , નિરમા યુનિવર્સિટી ના વિદ્યાર્થી ઓ દ્વારા NSS શિબિર યોજવામાં આવી. આ શિબિર માં વિધાર્થી ઓ એ ગામના બાળકો , યુવાનો અને મહિલાઓ માટે ખો - ખો , સંગીત ખુરશી, નારગોલ , લીંબુ ચમચી , ત્રી - પગી દોડ જેવી જુદી જુદી રમતો નું આયોજન કર્યું. આ ઉપરાંત વિદ્યાર્થિની ઓ દ્વારા ગામની મહિલાઓ ને કેક , મંચુરિયન જેવી વાનગીઓ બનાવતા શીખવવામાં આવી . આ શિબિર માં વિધાર્થી ઓ માટે એક બૌધિક સેશન નું પણ આયોજન કરવામાં આવ્યું જેમાં દીપકભાઈ તેરૈયા દ્વારા નૈતિકતા અને મૂલ્ય તેમજ NSS માં જોડાઈ ને રાષ્ટ્ર ને કઈ રીતે મદદરૂપ થવું તેના વિશે વિધાર્થી ઓ ને માહિતગાર કરાયા. ગામના નાના ભૂલકાઓ માટે ચિત્ર સ્પર્ધા નું આયોજન કર્યું અને તેમને પ્રોત્સાહિત કર્યા . આ સાત દિવસ ની શિબિર માં વિધાર્થી ઓ એ પોતાના બધા કામ સ્વ હાથે કર્યા અને એક અનોખો જ અનુભવ રહ્યો . મોતીપુરા ગામના જે લોકો પ્રાકૃતિક ખેતી કરે છે તેમને ગ્રામભરતી ની મુલાકાતે લઈ જવામાં આવ્યા અને કઈ રીતે વધુ ઉત્પાદન લઈ શકાય તેની જાણકારી મેળવી . છેલ્લા દિવસે વિધાર્થી ઓ એ પોતે પક્ષીઓ ના પાણી પીવા માટે ના અક્ષય પાત્ર માં જુદા જુદા ચિત્રો દોરી , રંગો રંગી ગામના દરેક ઘરે - ઘરે જઈ ને આપ્યા અને ગામનો તેમના સહકાર માટે આભાર માન્યો.